Barcode - 99999990869152
Title - Imanni Roshani.
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 42
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 086915

શ્રી. એ. જે.

# ચુનારાના ભાષણો.

સીરીઝ નં ૧

# ઇમાનની રોશની.

પ્રકાશક,

એ. જે લખપતી

આર. વી. ચારણીયા

ઓ. જો. સેક્રેટરીઓ.

યંગ ઇસમાઇલી વિદ્યાવિનોદ ક્લબ.

ભીમડીવાલા બીલ્ડીંગ, સેન્ડહર્સ્ટ રોડ,

મુંબઇ નં. ૯.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય અમદાવાદ
ગુજરાતી ઓરીએન્ટલ સંગ્રહ

# ઉપકાર પત્રિકા.

મુખી લાલજીભાઇ દેવરાજ.
એમ. ગુલામહુસેન અલીદીના, જંગબારવાળા.
શેઠ મોહમદભાઈ નાસર ડોસા જંગબારવાળા.
" અલારખીયાભાઈ ખાન મોહમદ.
" ફાજલભાઈ અલારખીયા પદમશી.

**મહેરબાન માનવંતા સાહેબો,**

ઈસ્માઇલીયા દીન પ્રત્યેની આપની લાગણીના નમુના રૂપ આ બે લેક્ચરો, કે જેને માટે ખાસ પ્રસંગ આવી પડયો હતો. તેના જવાબની યાદગીરી જળવાય અને ફક્ત બાબતો મુદ્દાસરના અને **જમાઅતની** શનાખત માટે ઇસ્લામના જીવનરૂપ **હોવાથી** તે માટે જે તક લેવાઇ, તેની નોંધ "**મેળ મિત્ર**" અને "**સાંજ વર્તમાન**" જેવા મોભાદાર પત્રોએ લીધા પછી આ પેમ્ફલેટ "**ઈમાનની રોશની**" તરીકે છુટથી પ્રચાર કરવાના અમારી **ધી યંગ ઇસ્માઇલી વિદ્યાવિનોદ કલબના સાહસને** આપ માનવંતોનો ઉદાર દિલનો ટેકો, અમારી ભવિષ્યની દીની સેવા માટે ઉત્તેજનારો ગણી, આપ બધા સાહેબોનો સામટો ઉપકાર માનવાની આ તક લેતાં અત્યંત હર્ષ ઉપજે છે.

લી. સેવકો,
એ. જે. ચંબાવાલા
આર. બી. મારફતીયા.
ઓ. જો. સેક્રેટરીઓ

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराजिट विभाग ]

अनुक्रमांक ૯૫૪ वर्गांक

पुस्तकनुं नाम ઈમાનના રોશની

विषय ૫૭૨૯ : ૬૨

( પ્રજા મિત્ર અને પારસી તા૦ ૬-૩-૨૯ ).

# દાઈ અને ઈમામ વચ્ચેના તફાવત.

## એક દાઈ ખરેખર કેવો હોવો જોઈએ?

એક જાણીતા ખોજા લેખક તરફથી
આપવામાં આવેલું ભાષણ.

શ્રી યંગ ઈસ્માઈલી વિદ્યાવિનોદ ક્લબની એક જનરલ સભા ગયા ગુરૂવારની રાત્રે ( સ્ટા૦ ટા૦ ) દશ કલાકે ક્લબ હોલમાં મળી હતી તે પ્રસંગે લગભગ આસરે એકસોથી સવાસો ગૃહસ્થોએ હાજરી આપી હતી.

શરૂઆતમાં સેક્રેટરી મી૦ એ. જે. લખપતીએ દરખાસ્ત કરી, કે આજની સભાનું પ્રમુખસ્થાન આપણી કોમના જાણીતા લેખક, મી૦ મુખતારભાઇ નાનજી સતીવાનીને આપવું એ દરખાસ્તને મી૦ એ. આઈ. મોદીએ અનુમોદન આપ્યું હતું.

બાદ તાળીઓના ગડગડાટ વચ્ચે સભાજનોનો ઉપકાર માની પ્રમુખે પ્રમુખસ્થાન લીધું હતું.

બાદ પ્રમુખ સાહેબે વિવેચન કરતાં જણાવ્યું કે, આજના લેકચરર મી૦ એ. જે. સુનારા કે જેવણ આપણી કોમના પ્રખ્યાત લેખક છે. તેવણ સાહેબ ઇમામ અને દાઇ વિષે પોતાનો વિષય રજુ કરી, સભાજનોને આનંદિત કરશે.

બાદ લેકચરર મી૦ એ. જે. સુનારાએ વિવેચન કરતાં જણાવ્યું કે, ઘણા લાંબા વખત પછી ભાઇઓની મુલાકાત થઇ છે, તેથી ખુશી થાઉં છું, આજનો વિષય શા માટે લેવામાં આવ્યો છે, તેનો ખુલાસો કરવાની જરૂર છે, તો સાહેબો તમો જાણો છો કે, ઇસમાઇલી વોહરાઓમાં ખળભળાટ જાગ્યો છે, કેટલાક વહોરા ભાઇઓ મુલ્લાં સાહેબને દાઇ તરીકે માનતા નથી એ બનાવના સબબે એક વોહરાપર વોહરાઓ તરફથી કેસ માંડવામાં આવ્યો છે

ફરીયાદી તરફથી મી૦ મીરઝા બેરીસ્ટર રોકવામાં આવ્યા છે. બેરીસ્ટર સાહેબે ભાષણ કરતાં આપણા ના૦ આગાખાનના મુરીદોને સંડોવેલ છે. જ્યારે તે કેસ અને તેના મુલ્લાં સાહેબ સાથે આપણને કોઇ સંબંધ કે લાગતુંવળગતું નથી. છતાં મી૦ મીરઝા બેરીસ્ટરે આપણને સંડોવી આક્ષેપો મુકેલા છે તે આક્ષેપોમાંથી છુટવાને આ વિષય હાથ ધરવામાં આવ્યો છે.

કારણ કે, આ જમાનામાં ચુપકીદી એ કબુલ કર્યા બરાબર છે, તો આક્ષેપો આપણાં ઉપર મુકવામાં આવે અને આપણે ચુપ

રહીએ તે ઠીક નહી. મી૦ મીરઝાનું ભાષણ એક છાપામાં પ્રગટ થયું છે, તે ભાષણ ઘણું લાંબું છે. આગાખાની ફીરકાના મથાળા હેઠળ તેમાં જણાવવામાં આવ્યું છે કે, તેમના ઇમામ છુપા થઈ ગયા પછી ૧૮ માં ઇમામને લોકોના એક નાના જથ્થાએ ધાર્મિક વડા તરીકે સ્વીકાર્યો. આપણે સમજીએ છીએ કે, આપણા ઇમામ કોઈ વખતે છુપાઇ ગયા નથી. તેથી તે બીના નાપાયાદાર છે.

આગળ ચાલતાં તેઓએ જણાવ્યું છે કે, રાજીઓની ઉત્પત્તિની તવારીખ અને એ તે લોગ છે કે, જેઓને રાજીઆ તરીકે જણાવવામાં આવે છે, તેમ બેરીસ્ટર મી૦ મીરઝાએ જણાવેલ છે કે, આગાખાનીઓ રાજી તરીકે જણાય છે. તેના પુરાવામાં સાબીતી આપી નથી. આપણ સારી રીતે સમજીએ છીએ કે તમામ દુનીઆના ઇસ્લામીઓ કહે છે કે વોહરાઓ રાજીથી ઓળખાય છે તેનો સબબ શું અને શા માટે ? તો તે બાબમાં કહીશ કે તમામ દુન્યાના ઇસ્લામી ફીરકાઓ જે પોતાના વારપરબ પાળે છે તે ચાંદરાતને જોઇ પાળે છે તેના માટે કુરાનમાં પણ ફરમાવેલ છે. ત્યારે વોહરા ભાઇઓ અમાસથી ચાલે છે, તેથી તેઓ રાજી કહેવાય છે તે બધા જાણે છે.

બીજું એક ઇમામ સાથે બઈઅત કરીને કહે કે, તમો અમો કહીએ તેમ કરો ત્યારે ઇમામ ખુદાઈ નુર હોવાથી ઠીક હોય તેમ કરે, ત્યારે બઈયત લીધેલા ઇમામપર ટીકા કરી બદલી જાય તે

પણ શરમજી કહેવાય. જ્યારે અમો ઇમામના દામનગીર છીએ તેથી શરમજી નથી.

આપણા ભાઇઓને એસસની તરીકે ઓળખાવેલ છે. તવારીખમાં પ્રસિદ્ધ થયેલા આલમોતના કિલ્લા માટેની વીગતો તપાસતાં બે મત છે. જ્યારે એક જાણીતા અને વગર તાસુબના લેખકે આલમોતના સરદારની તારીફ કરી છે, ત્યારે ઇસમાઇલી ધર્મના વિરોધીઓએ તેનો ખોટો ચીતાર રજુ કરીને સારા લેખકોને ભુલ થાપ ખવરાવી એક નેકને બદ તરીકે ચીતરવામાં આવેલ છે, જે દીલગીરી જેવું છે. ઇંગ્લીશ પુસ્તકમાં છે કે, આપણા મહાન બહાદુર હસન બીન સબાહ કે જેણે તન, મન, ધનથી ઇમામના ઘરની ખીદમત કરી છે જે વખતે તેની સંસારીક સ્થિતિ તપાસતાં તેની પાસે કાંઇ નહી હતું, તે વખતે તેને જુલમી લોકોનો સામનો કરવો પડયો હતો, તે જુલમીઓ લાખો અને કરોડોના હીસાબે હતાં. જ્યારે હસન બીન સબાહની તરફદારીમાં અમુક દેશનાજ હતા, ત્યારે તે શત્રુઓ બળવો કરતા ત્યારે કુનેહથી શત્રુનું નિકંદન કરી બળવો શાંત કરતો હતો. તે સંજોગો વચ્ચે આપણે ઇતિહાસોમાં તાપસીશું તો તેના માટે બે મત છે. તે બે મત શું છે? તે વખતના લોકો જે હસન બીન સબાહને પોતાના સરદાર તરીકે ઓળખતાં હતાં તે લોકો તે જમાનામાં "હસનીન" ના નામથી ઓળખાતા હતાં. એ બોલનો અંગ્રેજી ગ્રંથકર્તાઓના હસ્તક અથવા તેના લખાણથી અપભ્રંશ થયેલો છે. અને "હસનીન"

ને "એસેશીન". માં ગણી કાઢવામાં આવેલ છે એ વિષે જુદી જુદી તવારીખમાં આવેલ છે, નહીં કે હું પોતે કહું છું. હસન બીન સબાહ કેવો સત્યતાપર ચડેલો હતો એની ચળવળ શું તાકાત રાખતી હતી તે મુદ્દાપર આગળથી આવીશું.

## ઇમામ અને દાઇ કોણ છે?

આજનો વિષય "દાઇ અને ઇમામ વચ્ચેનો તફાવત" નો છે તો તેના આપને સમજાવાનું કે ઇમામ એક ખુદાની શકિત છે. અને ઇમામનું નિર્માણ કરવું એ ખુદાના હાથમાં છે. જો કે આપણો ફીરકો આગળ વધીને ઇમામને અલ્લાહના ચ્હેરા તરીકે ઓળખે છે. તે કેવી રીતે તે વિષયપર હું બોલતો નથી.

ઇમામનું ખુદાઇપણું એ પવિત્ર કુરાને શરીફથી સિદ્ધ થઇ શકે છે, પણ આ વખતે આ વિષયમાં ઇમામને ઇમામ તરીકે ઓળખાવવો એ ઉપયોગી છે. કોઇ એમ કહેશે કે, ઇમામનું ખુદા તરફથી નિર્માણ થવું એ શું? તો તેના જવાબમાં કુરાને શરીફની સુર બીજી ને સુરેબકરના નામે ઓળખાય છે, તે સુરમાં ખુલ્લા અક્ષરમાં જણાવવામાં આવ્યું છે કે, "ઇબ્રાહીમ અને તેના વંશજો લંબાતાં આજે આપણા હાજર ઇમામ ઉપર ઉતરે છે." તેના મેળે ખુદા તરફથી અહદ એટલે વચન આપવામાં આવેલ છે, અને તેના વંશજો ખુદા તરફથી નિર્માણ થયેલ છે, તેના સિવાય કોઇ ઇમામ થઇ શકે નહી અને થાય તો

ખુદાના કલામને ધક્કો લાગે એ કદી બનવાજોગ નથી અને એ નિર્માણ થયેલ ઇમામની રાહબરી હેઠળ આપણો ફીરકો ચાલ્યો આવે છે અને દરેક જમાનામાં અથવા દરેક વખતે દુનિયાપર ઇમામની હાજરી જોવામાં આવે છે અને તે "એક વ્યક્તિ" રહે છે.

## દાઈ !!

હવે દાઈ ઉપર આવીશું તો દાઈ એટલે ઉપદેશક મુસલમાનીમાં જોશું તો દાઇ એટલે દાવત કરનાર એટલે ઈમામ તરફથી દોરવનાર. જમાનામાં આખી પૃથ્વીપર એક ઇમામ નજરે પડે છે. ત્યારે વખતોવખત ઇમામના હુકમથી ઇમામના છત્ર તળે એકથી વધુ દાઇ બની શકે છે, એથી સિદ્ધ થાય છે કે દાઇ અને ઇમામ વચ્ચે કેટલો ફરક છે. જેટલો ફરક માણસ અને ખુદામાં છે તેટલો ફરક તેમાં છે. દાઇની ફરજ એ છે કે, ઈમામ તરફ માણસને દોરે અને ઇમામના ઘરની ખીજમત કરે, ત્યારે ઇમામ તે છે કે સઘળી મખલુકાત માટે સર્વોપરીપણું રાખે. જ્યારે હાલના હાજર ઇમામ કેવા કેવા કઠણ અને બખેડા ભરેલા સંજોગોમાં છે. છતાં નિડરપણે વગર ભયે આપણા તથા આખી દુનિયાના ભલા માટે શું શું કરી રહ્યા છે! એટલું કરી રહ્યા છે અને એટલું કર્યું છે કે, હાજર ઇમામ, સંબંધીઓ તથા વિરોધીઓ બંને પાર્ટીના દીલમાં રમી રહ્યા છે. હું જાણું છું તેમ સઘળા જાણે છે.- ઇમાન ધરાવનારો માણસ એક એવો નહી હશે કે, ના૦ આગાખાનને જે નહી ઓળખતો હોય. લખોપતિ, કરોડોપતિ, ગુરૂઓ,

પાદરીઓ ઘણા પડેલા છે. જેને અમુકજ ઓળખતા હશે. પણ ઓળખાણનો ચમત્કાર છે કે, તેમને બધા ઓળખી રહ્યા છે. એટલી તાકાત એક દાઇ રાખી શકતો નથી. "ઇમામનું ખુદા તરફથી નીમાવું અને દાઇનું ઇમામ તરફથી નીમાવું." એ એક સાંકળ છે. આપણે દાઇઓ માટે તપાસ કરીશું તો સમજી શકીશું કે, "કોઈ પણ દાઇ ઇમામની ગેરહાજરીમાં નીમાય નહી, અને ઇમામની ગેરહાજરીમાં કોઇ દાઇને નેમી શકતું નથી." દાઇનું કર્તવ્ય છે કે, ઇમામને ઓળખાવવું જો ઇમામ હસ્તિ ન ધરાવતો હોય તો દાઇ ઓળખાણ કોની કરાવશે? કેટલાક ભાઈઓ આ દુનિયાની ઉપર હસ્તી ધરાવે છે, તેઓ દાઇની નસ જાણે નેમણુંક કરે છે, જે જનરલ ઇસલામીઓની રૂઢી નથી. શા માટે? તો તેના જવાબમાં કહીશ કે એક વખતના ઇમામના હસ્તક જો ચાર દાઇ બહાર પડયા હોય, તો તે ચારના ઓહ્દા યાને વડપણ અથવા દરજ્જો જુદા રહે છે અને તે આપણે જુની તવારીખો વાંચશું તો બરાબર સમજી શકીશું કે, જે વખતમાં ઇસમાઇલી ફાતમાઇ ખલીફાત હતી, તે વખતે અથવા તેનાથી આગળ અથવા હાલ પણ આપણે જોઇએ છીએ કે, દાઇઓને ચડતા ઉતરતા રાખવામાં આવે છે તે કેવી રીતે તો એક દાઇ પ્રવીણ હોય, ઇલ્મ સારો રાખતો હોય તેની સાથે પૂરેપૂરો ઇલ્મે મારફત યાને તત્વજ્ઞાન જાણતો હોય તો તેની સાથે દુનિયવી કારોબારમાં માથું મારી પોતાની પોતાના [illegible] વકાલ રાખતો હોય તેવા દાઇને "હુજ્જતે આઝમ" તરીકે

ઓળખવામાં આવે છે. ઇમામ તરફથી દાઇઓ માટે જુદી જુદી ડીગ્રીઓ મુકરર કરવામાં આવેલ છે અને તે દાઇનું કાર્ય જોઇ ઇમામ પોતે પોતાના મુખ મુબારકથી તે બક્ષીસ કરે છે, તે પ્રસંગોપાત કેટલાક દાઇની ઓળખાણ આપવી એક જરૂરી ધારૂં છું.

હવે જો કે ઇમામની શરૂઆતથી અને અત્યાર સુધી અનેક દાઇઓ થઈ ગયા છે, છતાં હું જાણું છું તેમાંથી થોડાં નામો આપ ભાઇઓ સમક્ષ રજુ કરીશ.

હિંદુસ્તાનમાં પહેલા પધારેલા દાઈ સદ્દગુર નુર જેને પીર સદ્દગુર અથવા નુરદીન કહીએ છીએ, તે દાઇ જ્યારે ઇમામ મૌલાના ઇસમાઇલના તરફથી પધાર્યા, તે વખતે આ હિંદુસ્તાનમાં હિંદુ સિવાય બીજી કોમ નજરે પડતી નહોતી, તેવા કટોકટી વખતે અત્રે આવી ફકીરી વેશમાં પોતાનો વખત ગાળી ઇમામની સેવા કઈ રીતે બજાવવી? તેના માટે શું પગલાં ભરવાં? તે હરવખત ખ્યાલ રાખી ઇમામની દુવાથી અત્રેના લોકોને કેટલાક ચમત્કાર દેખાડયા, જેના પરિણામે મોટી સંખ્યાના લોકો આપણા પંથમાં શામેલ થયા. તેવીજ રીતે ઇરાનમાં રહે નામનાં ગામમાં અબુનજેમ નામનો એક દાઇ કે જેને ઈમામ તરફથી દાખલ કરી રાખ્યો હતો તેને આપણો મહાન નર હસન બીન સબાહ ભેટયો અને તેની સાથે ગુફતગુ કરતાં હસન બીન સબાહ નીખાલસ દીલે ઇસમાઇલી થવા પામ્યો. અને હસન બીન સબાહ મોઅર થયો ત્યારે તે વખતે આપણી ઇસમાઇલી યુનીવર્સીટી હસ્તી ધરાવતી હતી

તેમાં આપણા પંથનો ઉપદેશ લઇ બહાર પડયો તો તે હસન બીન સબાહના કાર્યો દુનિયાના ભાઇઓપર છાપ બેસાડે છે કે ઇમામની ઘરની ખીદમત કેવી રીતે કરવી.

આગળ વધતાં એ હસન બીન સબાહ સંજોગો વચ્ચે ઇરાનમાં આવેલ આલમોતના પહાડનો સરદાર બન્યો. જ્યારે એક પ્રાંતના સરદાર થવું અથવા એક પ્રાંતના વડા થવું તો તેના હાથમાં રિદ્ધિ અને સિદ્ધિ કેવી રહે છે, તે આપણે સારી રીતે સમજી શકીએ છીએ; પણ એ મહાન નરે કાંઈ પણ મોજ ન કરતાં, એશઆરામ ન ભોગવતાં, રાત્ર અને દિવસ પૂરા અઢાર કલાક ઇમામની સેવામાં અર્પણ કર્યા. એટલી રેલછેલ હોવા છતાં પોતાનો નિર્વાહ તથા પોતાનું ગુજરાન અને પોતાના બચ્ચાનું ગુજરાન હસન બીન સબાહની બીબી તથા તેનાં બચ્ચાંઓ "સુતર કાંતી" ચલાવતા હતા- એ વાત મારા મોંઢાની નથી દુનિયા-ભરના જાણીતા ગ્રંથકારો લખી ગયા છે, અને જેને વાંચવી હોય તેણે હીસ્ટરી ઓફ ધી પરશીઆ જોન માલકમની લખેલી જોઈ લેવી.

આગળ જાતાં એ હસન બીન સબાહ ઇમામની બાજુથી કેટલો બચતો અને તાબેદારી કરતો તે જોયું તો તેનો એક છોકરો ફરમાનદાર મગજમાં કોઈ કારણ અર્થે ગયો હતો. ત્યાં ફક્ત એટલુંજ કીધું કે ઇમામત છે તે અમારા ઘરથી છે. જ્યારે એ વાતો હસનને કાને પડયા ત્યારે પોતાના પુત્રને દેહાંત દંડની

સિદ્ધ કરી. 'ઇમામ એક પવિત્ર વસ્તુ છે આપણે તેના ઘરના ગુલામ નહી પણ કુતરા છીએ તે તેણે કબુલ્યું છે." તેથી સિદ્ધ થાય છે કે તેની ખીજમત કરનારાઓ એ ધર્મ ઉપર મુસ્તકીમ હતાં તેના એક છોકરાએ બુરી સોબતથી શરાબનો ઉપયોગ કીધો. એ ખબર જ્યારે તેને પડી ત્યારે તેણે પોતાના છોકરાને ઠાર કરાવ્યો, ત્યારે આ બાબતમાં આપણા દીનભાઇઓ દારૂ માટે કોઇ બાબત સમજતા નથી, તેનુ કારણ બુરી સોબત છે.

## દાઇ નાસર ખુશરો.

તેવીજ રીતે બીજે દાઇ નાશર ખુશરો થયેલ છે. જેઓ મીસરમાં આપણાં દીની ઈલમનો અભ્યાસ કરી, અને બહાર પડ્યો ત્યારે તેણે ઇમામના ઘરની ખીજમત કરવા માટે સમરકંદ અને રશીઆ શહેર તરફ ગયો તેના માટે તવારીખો સાક્ષી છે કે, નાશર ખુશરૂના ઉપદેશથી ત્યાં કેટલાક લોકો ઇસમાઇલી બની રહ્યા ત્યારે ત્યાંના હાકમે નાશર ખુશરૂ પર જુલમ કરવાનું શરૂ કર્યું, નાશર ખુશરૂ ત્યાંથી નાઠો અને પહાડો અને ખીણોનો રસ્તો લીધો અને ત્યાં સંજોગો વચ્ચે પોતાના પેટનાં પોષણ માટે રોટલી નહી મળતી હતી ને ભૂખથી વ્યાકુળ થતો ત્યારે ત્યાં ઉગેલી લીલી હરીયાલી ખાઇ નિર્વાહ કરી ઇમામની તાબેદારી કરતો હતો. (તાળીઓ).

સાહેબો, આપણે જોઇએ છીએ દાઇના કર્તવ્ય એવી જાતનાં છે તે આપણે આ દાખલાઓથી જાણી શક્યા છીએ. આપણા

ઇમામ મૌલાના કાસમ શાહના વખતમાં અત્રે પીર શમ્સ પધાર્યો અને ઉપદેશ શરૂ કર્યો ત્યારે આપણે જાણીએ છીએ કે તેની પાસે કોઇ પ્રકારની સંપત્તિ હતી નહિ. પણ એક દરવેશ તરીકે ઇબાબતખાનામાં રાત પડે સુઇ રહેતા હતા, અને દિવસે ઇમામના ઘરની ખીજમત કરવાને મનુષ્યના ભલાં માટે કમર બાંધતાં હતા, અને જ્યારે આપણા અજ્ઞાન ભાઇઓના હાથે તકલીફ અને મુશીબત ઉપાડી છે છતાં પોતાની ફરજપર મુસ્તકીમ રહી ઇમામના ઓર્ડરપર વળગી રહી કામ કરતા હતા. તેવીજ રીતે જોવા જઇશું તો આપણા માનવંતા પીર સદરદીન સાહેબ જેવા નર ઇસલામ શાહ તરફથી અહીં ઉપદેશ કરી રહ્યાં હતાં. આજે તેમણે માટે ખુલ્લી તવારીખ છે કે, તેમણે ઝોળી લઇ ફરતા હતા, અને તેમાં લાકડાંના રોટલા સ્વરૂપના ચોગડાં બનાવી ભરી રાખ્યાં હતાં. એ એટલા માટે કે કેટલાક મુરીદો તેમણેને પોતાને ઘેર જમવાનો આગ્રહ કરતા હતા, જ્યારે બચાવમાં કહેતા હતા કે, મારી ઝોળીમાં રોટલા છે. (તાળીઓ). એવી રીતે પીર સદરદીને બાર વર્ષ સુધી અહીં કામ કીધું. ભાઇઓ, આ પ્રમાણે ઇમામ તરફથી દાઈ બની આવે છે તે પોતાનો ધંધો કરી ભરણપોષણ કરતા બાકીનો ટાઇમ ફાજલ લઇ ઇમામની સેવા કરતા હતા. નહીં કે ઇમામના પૈસે તાગડધીના કરતા હતા.

એક બે દાઇઓના વધુ દાખલા બીજા આપી વિષય પૂરો કરીશ, તે એક દાઈ પીરતાજ દીન સાહેબ, કે જેમણે કેક નગરીમાં બીરાજમાન થયલા ઇમામ નુરદીનશાહના વખતમાં હતા. તેમણે

ઉપદેશ કરી ઝોળી લઇ જતા હતા, તે સંજોગોમાં એક મુરીદ તરફથી ઇમામને પહેરવા માટે એક ઝબાનું કપડું મળ્યું. એ કારસાજી અને કપડું લઇ પીરતાજદીન તે ઇમામ હજુર હાજર થયા, ત્યારે ઇમામે પોતાની રાજીખુશીથી પીરતાજદીનને તે ઝબાનું કપડું બક્ષીસ કર્યું. પીરતાજદીન બીજી મુસાફરીએ પધાર્યા ત્યારે કેટલાક મુરીદોને શક પડ્યો કે અમોએ ભેટ ઇમામને આપેલ છે તે પીરે પચાવી પાડી ને વાપરી તેમ સમજી પીરને માર્યો, કારણ કે ઇમામની માલ મીલકતપર દાઇનો હક નથી; પણ તે તપાસ કર્યા વગર પીરને મારી પાપ વોહરી લીધું.

## દાઇને રદ કરી શકાય કે?

એક વખતે દાઇ તરીકે નક્કી થયેલ મનુષ્ય ફરીથી રદ કરવામાં આવે કે નહી આ વિષય સાથે એ બીના સંબંધ ધરાવે છે તે મોલાના રજી અબદુલાના વખતમાં દાઇ અબુ અબદુલા બીન જકરીઆ મુકરર થયો હતો, તે મગરીબ આફ્રિકા તરફ ઉપદેશ કરવા ગયો અને તેણે ઉપદેશ કરી મુરીદ બનાવ્યા. છેવટ એટલે સુધી કે, તમામ વસ્તી ઇમામની તાબેદાર બની રહી. તેથી અબુ અબદુલાએ આફ્રિકામાં ઇમામની સત્તા જમાવી અને ત્યાંનો બધો બોજ ઇમામની વતી તરીકે હાથ કર્યો. તે પછી મોલાના હાદી ઇમામતપર આવ્યા, અને તેઓ આફ્રિકા તરફ ગયા. ત્યાં બાદશાહ બની રાજકર્તા થયા. પરિણામે અબદુલાહને લાલચ

થઇ ને કહ્યું કે, આ બધું મારા બળથી ઇમામને મેં મેળવી આપ્યું છે. એટલી એણે મૂર્ખાઇ કરી તેથી એની મેહેનત રદ ગઇ, અને દાઇમાંથી પણ રદ થયો. અને સાચા ઈસમાઇલીના હાથે હેરાન થયો. ઇમામે જાહેર કર્યું કે, તે અત્યારે એક "ગુમરાહ માણસ છે. કારણ કે સોબત ખરાબ થતાં ગુમરાહ થઇ પોતાના આત્માનો આપઘાત કર્યો છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, દાઇપણું એ હંમેશા માટે અથવા એક દાઇ બીજા દાઇને નક્કી કરે યાને નસ કરે એ દાઇઓ માટે નથી. પણ એ વીગત ઇમામ માટેની છે. તો કેટલાક લોકોએ પોતાના સ્વાર્થના અંગે ઇમામને લાગુ પડતી બાબતો દાઇ માટે નક્કી કરી નાખેલ છે કે, જેને ખરો ઇસલામ કદી પણ સ્વીકારતો નથી.

## ઇમામની ચીજોનો ઉપયોગ બીજાઓ કરી શકે કે?

સાહેબો, ટાઇમ ઘણો થયો છે, વળી બીજા બોલવાને ઉમેદ-વારો આતુર હશે તે માટે છેવટના બે બોલ બોલી બેસી જઇશ. ઇસલામની રૂઢી પ્રમાણે જે દાઇઓ વખતના ઇમામ તરફથી કામ કરતાં હોય તેઓએ ઇમામનો હક્ક. વસુલ કરી અને બૈતુલ માલમાં જમા કરાવે. એ મીલકતનો ઇમામ પોતે ઉપયોગ કરે એ એક ઇસલામી રૂઢી છે. નહી કે ઇમામની માલ મીલકત અથવા ઇમામના નામે મેળવેલી ચીજો ઇમામ સિવાય બીજો કોઇ પણ શખસ ઉપયોગ કરી શકે. આપણે સમજી શકીએ છીએ કે, ધણીનો માલ ધણીને પહોંચાડવો, એ નીતિવાનની ફરજ છે. કોઇનો માલ

ખાઈ જવો એ અનીતિવાનનું કામ છે. તેપરથી એટલુંજ કહેવાનું રહે છે કે, ઇમામની મતા એ મુરીદોને દાઇઓને અથવા ઇમામના માનનારાઓને ઇસલામની રૂએ કાંઈ પણ હક નથી કે ઇમામના નામની ભેટ બીજાને ખવડાવે અથવા પોતે ખલાસ કરે અથવા પોતે પચાવી માલદાર બને અથવા પોતાને વખાણનારાને ભેટ અને સોગાદ કરે એ કદી પણ સાચો ઇસલામ એ બાબતને કબુલ કરશે નહી. (તાળીયો). દાઈનું એ કર્તવ્ય છે કે, પોતાનું ગુજરાન પોતાની મહેનતથી કરીને ઇમામના ઘરની ખીજમત કરે. એટલું બોલી બેસી જવાની રજા લઇશ.

તે બાદ મો૦ અલીમહમદ વલી નાઝર, તથા કવી ઇબ્રાહીમ જુસબ વરતેજીએ સારૂં વિવેચન કરી, સભાજનોને આનંદ આપ્યો હતો.

બાદ પ્રમુખ તથા ભાષણકર્તાનો ઉપકાર માની સભા બરખાસ્ત થઈ હતી.

( સાંજ વર્તમાન તા૦ ૧૪ મી એપ્રીલ ૧૯૧૯ )

# ના૦ આગાખાન વિરૂદ્ધ ખોટી અફવા ફેલાવનારાઓને જવાબ.

---

## ધી યંગ ઈસમાઈલી વિદ્યાવિનોદ ક્લબમાં ભાષણ.

મજકુર કલબની એક જાહેર સભા ઇસમાઇલી સાહિત્ય ઉત્તેજક મંડળના ઓન. સેક્રેટરી, મી૦ મીરઝામહમદ ઇજનેરવાળા પ્રમુખપણા હેઠળ મળી હતી. તે પ્રસંગે ઇસમાઇલી ખોજા કોમ ઉપરાંત ના૦ આગાખાનને માનનારા નવી જમાતના ( ગુપતી ) ગૃહસ્થો તથા બદકસાનીઓ વિગેરેએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. મી૦ એ. જે. ચુનારાએ " ના૦ આગાખાન વિરૂદ્ધ ખોટી અફવા ફેલાવનારાઓને જવાબ" એ વિષય ઉપર ભાષણ આપતાં જણાવ્યું કે, ના૦ આગાખાન વિરૂદ્ધ કેટલાકોએ એવી ખોટી અફવાઓ ફેલાવી છે કે, " ના૦ બ્રિટીશ સરકાર મેસોપોટેમી-આના રાજ્યકર્તા તરીકે ના૦ આગાખાનને મુકરર કરનાર છે."

જે કે આ અફવાઓ સદંતર ખોટીજ છે, કારણ કે તેના પુરાવા તરીકે, ના૦ આગાખાને પણ વર્તમાનપત્રોમાં ખુલાસો કરતાં નીચે મુજબ જણાવ્યું છે:—

## AGA-KHAN AND MESOPOTAMIAN THRONE.

### A DISCLAIMER.

H. H. the Aga-Khan has sent the following cable dated 25th February to a correspondent in Bombay with a request that it may be given publicity:—

" Please deny as never true my candidature for Mesopotamian throne. Whole thing cock and bull story and no foundation.

" AGA-KHAN."

" મેસોપોટેમીઆનું તખત મેળવવાને માટે મેં કદીપણ મારી ઉમેદવારી જાહેર કીધી નથી; આ વાત તદ્દન જોડી કાઢેલી છે, અને તેમાં કશીએ વજુદ નથી. આ બીનાને બની શકે તેટલી જાહેરાત આપજો."

આગાખાન.

દુનિયાના કોઇ પણ ભાગમાં નહી પણ માત્ર મદ્રાસ જેવા એક ખુણામાં એક પ્રોટેસ્ટ મીટીંગ ઓન. મી૦ યાકુબ હસનના પ્રમુખપણા હેઠળ મળી હતી. જેમાં એવો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો કે, "ના૦ આગાખાનને તખ્તપર બેસાડવા નહી." આપણને જણાવવાને અત્યંત ખેદ ઉત્પન્ન થાય છે કે વગર જાણે, વગર સમજે, અને વગર વિચારે ઓન. મી૦ યાકુબ હસન "ના૦ આગાખાનને તખ્તપર બેસાડવા નહી." એટલું કહી બેસી રહ્યા નથી. પરંતુ એથી પણ આગળ વધીને ના૦ આગાખાનને માનનારા ખોજાઓ એકલાજ નહીં પણ દુનિયાના તમામ ભાગોમાં પ્રસરેલા તેઓના મુરીદોને ખરાબ લાગે તેવું એહુદુ કાર્ય કર્યું છે તે એ છે કે આપણા પાક હસમાઇલી મઝહબને ખરાબ લાગે તેવી ટીકા કરેલી છે. જે હું તા૦ ૨૪-૧-૧૯ ના ક્રોનીકલમાંથી વાંચી સંભળાવું છું.

"Aga Khan is the religious head of a people who were for Generations taught to believe that their salvation did not lie in praying to God five times a day, fasting in the month of Ramzan or performing pilgrimage to Mecca, but they can buy salvation and redemption from all sins by paying a religious tax to His Highness the Aga Khan.

## HON. MR. YAKUB HASSAN.

**The "Bombay Chronicle," Friday, 24th January 1918.**

## ઓન. મી૦ યાકુબ હુશાનની ગેરવ્યાજબી ટીકા.

" નામ૦ આગાખાન એક એવા લોકોના ધર્મગુરૂ છે કે, જેઓને વર્ષો થયા એવી તાલીમ આપવામાં આવી છે કે, તેઓની મુક્તિ પાંચ વખત નમાઝ પઢવામાં રમઝાનમાં રોઝા રાખવામાં અથવા મક્કે હજ કરવામાં નથી, પણ તેઓની મુક્તિ અને પાપની માફી નામ૦ આગાખાનને ધાર્મિક કર આપી ખરીદ કરી શકે છે."

શું કોઇ પણ કહેશે કે, આ બીના સાચી છે ? ( નહીં, નહીં ના અવાજો ) જો નથી તો કેમ ! તે આપણે અહીં સાબીત કરીશું કે, આપણો પાક ઇસમાઇલી દીન ઇસલામના તોવતેર ફીરકાઓનો એક છે. ઇસલામના સામાન્ય રીતે મુખ્ય ત્રણ ઉસુલો (મુળ) છે. (૧) અલ્લાહને એક માનવો. (૨) હજરત મહોમદ મુસ્તફા સ૦ ને પયગંબર તરીકે માન્ય રાખવા. (૩) કીયામત ને કબુલ રાખવી.

સુન્નીઓના આ ત્રણ ઉસુલો ઉપરાંત શીયા ફીરકો ઇમામત ને કાયમ માને છે, અને આપણા પાક દીનમાં ઇમામત અને ઇન્સાફના સિદ્ધાંતો વધારે છે. સુન્ની અને શીયાના ફુરૂએ દીન યાને દીનના કાયદામાં થોડો થોડો તફાવત છે. જેમ કે, સુન્નીમાં નીમાઝ

બાંધેલ હાથે પઢવામાં આવે છે, જ્યારે સીયામાં ખુલ્લે હાથ પઢવામાં આવે છે; ટુંકમાં મઝહબ એક વિશાળ બાબત છે અને તેના ઉપર ટુંક બુદ્ધિથી વગર સમજે ટીકા કરવી એ ભુલ છે. ખરી રીતે જોતાં આપણે પાક કુરાને શેરીફના ફરમાન મુજબ સઘળાં અહેકામોપર બરાબર ચાલનાર છીએ, એટલે કે આપણે "રાહે રાસ્ત" યાને "સત્ય પંથ" ઉપર છીએ.

ઓ૦ મી૦ યાકુબહસને "ઝકાત" અને "ખુમ્સ" જેવી ધાર્મિક મોટી બાબત તરફ અખાડા કર્યા છે કે જે ઈસલામના ફરમાન મુજબ ફરજયાત છે "ખુમ્સ" અને "ઝકાત" નો લેનાર ખરો હકદાર દર વખતે હોવો જરૂરી છે. જેમ હઝરત રસુલીલાના વખતમાં એ ધાર્મીક નાણા બઈતુલ માલમાં જમા થતાં હતાં તે બઇતુલ માલ માહેલા નાણાની વ્યવસ્થા પોતાના હાથે પોતાની સતાવડે તેઓ પોતે કરતાં હતાં, ત્યાર બાદ તેઓના જાનશીન હઝરતઅલી અ૦ તેની વ્યવસ્થા કરવા લાગ્યા અને તેજ મુજબ આજે પણ તેના ખરા હકદાર હઝરતઅલી અ. ની સીધી નસલથી ઉતરી આવેલા (૪૮) ઉડતાલીસમાં ફરજંદ આપણા હાઝર ઇમામ નામદાર આગાખાનને આપણી માલ મીલકતના માલીક સમજીને એ ફરો આપીએ છીએ. અને એક "ઇમામી ઇસલામી" તરીકે એમ થવું ખરૂં જ છે (તાલીઓનાં ગડગડાટો).

આપણા પર એવો આક્ષેપ મુકવામાં આવેલ છે કે નામદાર આગાખાન ધાર્મીક કર લઇ પાપની માફી આપે છે; જે બીલકુલ

હડહડતું જુઠું છે. આવું જુઠાણું ઘડી કાઢવાનું કારણ ફક્ત ધાર્મીક તાસુબ અને તેનું દર જમાનામાં સત્યાંથ સામે બનતું રહ્યું છે. આપણે જોવા જશુ તો સમજાશે કે આપણા પાક પયગમ્બરોપર પણ સંજોગો વચ્ચે અનેક જાતના તોહમતો મેલવામાં આવ્યાં હતાં, હુસામોને હેરાન કરવામાં આવ્યા હતા, તેમજ દરેક વલી અને ખાસકે અલ્લાહ ઉપર અજ્ઞાન હઠીલા અને દ્વેશી બેદીનો તરફથી જફા ગુજારવામાં આવેલી છે; જેમ કે પીર શમ્સ તબ્રેઝની જીવતા જીવત ખાલ ઉતારી નાંખવામાં આવી હતી, જેણે ત્યાંના રાજાના એકના એકજ મરી ગયેલા છોકરાને જીવતો કરી તેઓ ઉપર ભલાઇ કરી હતી. મનસુર જેવા મરફતીને સુળીએ ચડાવવામાં આવ્યો હતો, જે ઇતીહાસથી મશહુર છે. તે મુજબ સાચા અને રાહે-રાસ્તપર ચાલનારા મહાત્માઓની કદર અજ્ઞાનીઓ તેમની હયાતીમાં કરી શકયા નથી, અને તેથી તેવા મહાત્માના ઉત્તમ કાર્યના લાભથી બે નસીબ રહે છે. પણ સત્ય જ્યારે અજવાળામાં આવે છે ત્યારે તેવાઓ પાછળથી માનવા લાગી જાય છે કે ફોકટ અને બે ફાયદા છે.

લડાઇ પહેલા મેસોપોટેમીઆ ટર્કીશ મુલક હતો જે હાલ આપણી મહાન ન્યાયી બ્રિટીશ હકુમત હેઠળ છે અને તેથી તેનું તખ્ત નાo આગાખાનને આપવામાં આવશે એમ ગણત્રી કરી લેવી તેનો હેતુ શું? આપણે તો અત્યારે જોઇએ છીએ તેમ નાo આગાખાને બીજા ઇસ્લામી આગેવાનોની સહી સાથે મીo બાલ્ફર

પર એવા હેતુની અરજી મોકલાવી છે કે ટર્કીશ સલ્તનતને મજબુત બનાવવી અને તેને ટર્કીશોના હાથમાં પાછી સોંપી દેવી.

જે વિષે લંડનમાં તા૦ ૧૯ મી જાનેવારીના દિવસે પ્રગટ થયેલી બીના હું આપ સાહેબો સમક્ષ વાંચી સંભળાવું છું:—

## ટર્કીનું ભવિષ્ય અને ના. આગાખાન.

### પરદેશ ખાતાના પ્રધાન મી૦ બાલ્ફર

“થ્રેસ પ્રાંતની” વસ્તી મોટે ભાગે ટર્કીશ આલાદની છે. આ આખા મુલકને તેની રાજધાની “કોન્સ્ટેન્ટીનોપલ” નું બનાવીને, બ્રિટીશ વડાપ્રધાને થોડા વખત ઉપર જે જાહેર કીધું હતું, તે મુજબ ટર્કીશ પ્રજાના હાથમાં મુકવો જોઇએ.”

સાહેબો ! જુઓ એ ભલાની ભલાઇ છે! આડા આવનારાઓ પોતાની અવળાઇ મુકતા નથી. જ્યારે હિન્દીઓ કોશીષ કરી રહ્યા છે કે હિંદમાં પ્રજા એક થાય ત્યારે મી૦ યાકુબહુસન ઓન. થઇ ના૦ આગાખાનના વિચારો જાણ્યા વગર, વગર વિચારે નકામી ટીકા કરી એક મોટી કોમની લાગણી દુઃખાવીને આજની એકસંપીની ચળવળને વરસો સુધી પાછળ હઠાવનારી ભુલ કરી છે. ઓન. મી૦ યાકુબ હસન એમ માને છે કે, ના૦ આગાખાન એક મુઠીભર ખોજા મુસલમાનોના ધર્મગુરૂ છે, પણ તેમ સમજવામાં તેમણે ગંભીર થાપ ખાધી છે. હું તેવણને

જણાવીશ કે, નાં૦ આગાખાનના મુરીદોની સંખ્યા હિંદમાં તો લાખોની છે. પરંતુ દુનિયાના બીજા જુદા જુદા મુલકોમાં મળી કરોડોના હીસાબે છે.

## પૃથ્વીની સપાટીપર ચોમેર પ્રસરેલા
## નાં૦ આગાખાનના મુરીદો.

તેજાણના મુરીદો મધ્ય એશીઆના બીકટ ભાગોમાં તથા છેક કાબુલની સરહદપર અને પામીરની આસપાસની ખાણોમાં તેમજ ચીત્રાલ, ગીલજીટ યઇ. સીરીઆ, લેબેનના પહાડો, આફ્રિકામાં જંગબારથી છેક અંદરના ભાગમાં લઇ યુજીજી સુધી, અરબસ્તાન, મીશર, તુર્કસ્તાન, ઇરાન, ખુરાસાન, બદકશાન, થોડો ભાગ યુરોપ એશીઆ ચીનના તે રસીઆ પોર્ટમાં બરમાની હદમાં રંગુન વીગેરે, હિંદુસ્તાનના સઘળા ભાગો કચ્છ, કાઠીઆવાડ, ગુજરાત, સીંધ, મુલતાન, પંજાબ, પોર્ચુગીઝ, ગોવા, મલબાર, દખણ, કોકન, બીરાર, વિગેરેથી લઇ છેક કાશ્મીર અને શ્રીનગર, સુધી લંબાએલા છે, છેવટે ટુંકમાં કહીએ તો દુનિયાના દરેક દરેક ભાગોમાં બહોળી સંખ્યામાં પ્રસરેલા . આવા એક મોટા જથ્થાને કાંઇ પણ કારણ વગર નારાજ કરવા તે શું વખાણવા યોગ્ય છે?

આપણી તો ખાત્રી છે કે એક બીન તાસુબ માણસ પોતાના સિદ્ધાંતો રજુ કરે અને એક તાસુબી માણસ પોતા તરફથી વિરો-

બની વાતો રજુ કરે ત્યારે ઉલટું જે સત્ય હોય છે તે હમેશાં સૂર્યની પેઠે ઝળકી નીકળે છે અને આખરે વિરોધીને શરમાવું પડે છે આગળ જણાવતાં કહીશ કે એક સમય એવો હતો કે આપણા પાક ધર્મના માટે અનુયાયીઓએ મોટા મોટા બળીદાનો આપ્યા છે.

ત્યારે હાલ જમાનો નથી, કારણ ન્યાયી બ્રિટીશ રાજ્ય છે. આવા શુભ અવાજ બહાર પાડવાના વખતમાં ચુપ બેસી રહી ખરો ખુલાસો ન કરવો એ હીણપદ લગાડનારૂં છે.

આ ચર્ચાએ પાછળથી કેવું ગંભીર રૂપ પકડયું છે તે રજુ કરતા કહીશ કે એક "મહમદ ઇબ્રાહીમ" નામના શખ્સે આ પ્રોટેસ્ટ મીટીંગ પછી ચર્ચા કરેલી છે જે શું છે તેમાંનો થોડોક ભાગ હું આપ સમક્ષ વાંચી સંભળાવું છું.

બોમ્બે ક્રોનીકલ તા૦ ૬–૨–૧૯૧૯.

"સુન્નીઓ વિરૂદ્ધ પહેલા આગાખાન અને તેમાં જસ્ટીસ આરનોલ્ડનો ચુકાદો.

હાજી બીબી વિરૂદ્ધ હાલના આગાખાન અને તેમાં રજુ થયેલા પુરાવા અને સાક્ષીઓની જબાની હાઇકોર્ટમાં જસ્ટીસ રસલે નોંધ કરેલ છે તે સત્તાધીકારી ગણાય છે અને પબ્લીક અને સરકારને ખુલ્લું જણાવે છે કે મદ્રાસની મુસલમાનોની મીટીંગ ખરે-ખર અગત્યની છે.

હું આગાખાનીઓને સલાહ આપીશ કે તેઓએ હાલ ચુપ રહેવું એ તેઓ માટે ઉત્તમ છે. કારણ કે આગલો વખત ગયો છે, અને વખતને અનુસરીને ચાલવું યોગ્ય છે.”

## વખત કોનો ગયો છે?

અહા! કેવું આશ્ચર્ય! ચોર કોટવાલને દંડે છે! વખત કોનો ગયો છે અને કોને કહે છે! વખત કોનો ગયો છે? ખોટું બોલનારાઓનો! વખત કોનો ગયો છે? ખોટા ધર્મ ઉભો કરનારાઓનો! વખત કોનો ગયો છે? હુસદ અને કીનાથી જુઠા અને ધતીંગ ભરેલા ઉભરા કાઢનારાઓનો? અમારો તો વખત આવ્યો છે કારણ અમો સાચા છીએ, તો અમો ચુપ શા માટે રહીએ? કારણ કે સાચને આચ નથી! કોઈ કહેશે કેવી રીતે? તો તેના પુરાવામાં કહીશું કે હજરત મૌલા મુરતઝા અલી અ૦ના ખરા હકદાર અને વંશપરંપરા ઉતરી આવેલા ઇમામના અમો દામનગીર છીએ, અને જસ્ટીસ જોસફ આરનોલ્ડ અને જસ્ટીસ રસલે શું ચુકાદો આપેલો છે તે બતાવેલ નથી. પણ હું બતાવીશ કે ઇ૦ સ૦ ૧૮૬૭ નો મુકદમો આપણામાંથી નીકળી ગએલા ખારબાયા સાથે ચાલેલ તે વખતે જસ્ટીસ સર જોસફ આરનોલ્ડે ચુકાદામાં કહ્યું છે કે:—

## સર જોસફ આરનોલ્ડનો ચુકાદો.

મુકદમો ઇ૦ સ૦ ૧૮૬૭.

“ મહોમદ હુસેન હુસેની ઉર્ફે ના૦ આગાખાન અથવા જેને

સરકારી દસ્તાવેજોમાં તેના લકબ અને ખીતાબથી હીઝ હાઇનેસ મહેલાતી કરીને લખવામાં આવે છે, તે ઇસમાઇલીઓનો જાહેર પામેલો ઈમામ અને પહેડી દર પહેડી ઉતરતો આવેલો સરદાર થાય છે, અને ઇમામતનો હાલનો હૈયાત મસનદ ધરાવનાર અને ચલાવનાર છે, અને ખુદાનો મોકલેલો અલીથી સાતમો ઇમામ જે જાફર સાદીકનો વડો છોકરો ઇસમાએલ થાય તેની ઓલાદનો હક ધરાવનાર છે."

આ, જેના માટે મી૦ ઇબ્રાહીમે આપણને તાનો મારેલ છે તેજ જસ્ટીસ આરનોલ્ડના બોલ છે. જેને ખાત્રી ન હોય તે જોઇ લે, વળી જસ્ટીસ રસલ શું કહે છે?

## જસ્ટીસ રસલનો ચુકાદો.

મુકદમો ૬૦ સ. ૯–૩–૧૯૦૮.

"નાο આગાખાનના એક વડવા ઇસ્લામ શાહ તરફથી પીર સદરૂદીન ખુરાસાનથી ઇસમાઇલી મીશનરી તરીકે આવ્યા હતા, અને ઇસલામ દીનના જે મજહબનું શિક્ષણ આપ્યું તે મજહબ સીઆ ઇમામી ઇસમાઇલી હતો."

આ જસ્ટીસ રસલના ચુકાદાના વચનો.

## એક જોરદાર પુરાવો.

એક બીજા નામાંકિત જજ મરહુમ જસ્ટીસ બદરૂદીન તઇબજી જેવા એક વોહરા ગૃહસ્થ હોવા છતાં, મેડેગારાકરમાં

આપણા ધર્મ સંબંધી ઉભા થયેલા અગત્યના સવાલમાં ફ્રેન્ચ કોન્સલ જનરલને કેવા પુરાવા ઉપરથી સરટીફીકેટ આપી સત્યતા જણાવી આપી છે તે હું રજુ કરૂં છું.

## ના૦ જજ મી૦ બદરૂદીન તઈયબજીની સરટીફીકેટ

સમર સેટ હાઉસ, ખંબાલા હીલ—મુંબઈ.

તા૦ ૫ માર્ચ, ૧૯૦૫.

મોન્સીઅર લુઈસ પીએર વેસીઓંઝ બોગ, ફ્રેન્ચ કોન્સલ જનરલ.

પ્યારા સાહેબ,

જત જણાવવાનું કે, હીઝ હાઈનેસ નામદાર સર સુલતાન મહમદશાહ આગાખાનના પક્ષને લગતા ખોજાઓના ધર્મ સંબંધી એક અગત્યનો સવાલ મેડેગાસ્કરમાં ઉભો થયો છે એમ મારા સમજવામાં આવ્યું છે. મને વળી એવી પણ ખબર આપવામાં આવી છે કે મજકુર લોકો મુસલમાન નથી પણ હિંદુ અથવા બોદ્ધ મતના છે. એમ કેટલીક જગ્યાએ ચોક્કસ રીતે જાહેર કરવામાં આવ્યું છે. જેથી કરીને વળી ખુશીની સાથે હું સરટીફીકેટ આપું છું કે મજકુર ખોજાઓ હિંદુ પણ નથી તેમ બોદ્ધ મતના પણ નથી. પણ તેઓ સીઆ ઇસમાઈલીઆ ટોળાના ખરા મુસલમાન છે. અને નામદાર સુલતાન મહમદ આગાખાન એ આ ટોળાના

ઉપરી છે તે નબી મહોમદ મુસતફાના જમાઇ અને ખલીફ હઝરત અલીના વંશમાંથી સીધી નસલે ઉતરી આવેલા છે.”

લી૦ હું છું,

તમારો અજ્ઞાંકીત,

( સહી ) બહરૂદીન તઈબજી. ( તાલીઓ ).

શું એવણ નામદારે તવારીખો નહી તપાસી હશે? શું જજની સરટીફીકેટ વજનદાર ન ગણી શકાય? કહો ! આ હકીકતો જાણ્યા પછી હવે શરમાવાનું કોને રહ્યું? કહો ચુપ બેસી રહેવું કોના માટે છે?

( અવાજો ઇબ્રાહીમ માટે ).

હજી વધારે વીગતો જોઇએ તો આપણી પાસે આપણા પારસીની લખેલી વીગતો ઘણી મોજુદ છે. પણ આપણામાંથી કોઇએ લખેલું હશે તો તેઓ દ્વેષ રાખનારાઓ એમજ કહેશે કે એ તો એવણની તરફેણવાળાઓએ લખેલું છે, પણ નહી. આપણે તો બીજીજ કોમના જાણીતા અને માતબર લોકોના શબ્દોમાં સાબીત કરી આપી સત્યતા શું છે તે જણાવી આપશું.

## એક વધુ પુરાવો

### “ કર્નલ રાબીન્સન ”

“ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડીઆના રીપોર્ટમાં જણાવે છે કે છઠા ઇમામ ( સહા ઇસમાઇલ ) ની પહેલી દર પહેડી ઉતરતા આવેલા ઇમામ ના૦ આગાખાન છે.”

આ નોંધ આપણી બ્રિટીશ ગવર્નમેન્ટના રીપોર્ટમાં છે. છેવટ એટલા મુદ્દાઓથી એમ ન સમજવું કે તે પુરા થયા છે. એવા તો લાખો અને કરોડો મુદ્દાઓ આપણી સચ્ચાઇ માટે દુનિયાના દફતરોમાં મોજુદ છે.

તેથી મી૦ મહમદ ઇસ્માઇલીમને આપણે હાલ તુરત તો એટલું જ કહીશું કે આવું ડહાપણ ડોળવું એ ડાહ્યા માણસનું કામ નથી, કારણ કે, ડાહ્યા પુરૂષો સમજયા કે જાણ્યા વગર કદી બોલતા નથી કે જેથી પાછું શરમાવું પડે.

હજરત રસુલીલ્લાહનો કોલ છે કે, છેલ્લા જમાનામાં મુલ્લાંઓ અને મોલવીઓ હાથમાં કુરાન રાખી ઇસ્લામને ઝુઠલાવશે. એ વચનોને અનુસરીને કદાચ વિરોધીઓએ કંઇ કહ્યું હોય તો તેમાં નવાઇ જેવું કંઇજ નથી. હાલ બીબી કેસના બારામાં મી૦ ઇસ્માઇલીએ આપણને તાનો માર્યો છે પણ એ બાબતપર જુની તવારીખો તપાસવાની તેમણે તકલીફ લીધી નથી. નહીં તો કદી પણ એવું કાચું કાપવા કમર બાંધતે નહી. તપાસી જુઓ, બનીઉમઇયા, આબાસાઇદ, અને બની હાસમ ( ફાટમાઇટ ) એકજ દાદાની ઓલાદ હોવા છતાં એ ટોળામાં હકના માટે હમેશા તલવારો ચાલેલી છે. રસુલીલ્લાહના ખોળામાં બેસનારા ઇમામ હુસેનપર પણ એજ હમેશા ખાનદાનના માવીયાના છોકરા યઝીદે કેવા પગલાં ભર્યાં. શું એવી મુસીબતોથી ડરી જઇ ઇમામ પોતાનો હક મુકી દઇને હું ઇમામ નથી એમ જણાવે તે વાજબી કહેવાશે? નહીં—

કદી નહીં! કહો, સાચો સચ્ચાઇને કેમ મુકે? ઇમામોએ પોતાના હક્કના માટે કેટલી બધી તકલીફો વેઠી છે તે વિચારતાં હાલમાં નામ આગાખાને પોતાનો હક્ક જાળવવા માટે કશા પણ જોરદાર પગલાં ભર્યાં તો તે કાંઇ ખોટું કહેવાશે નહી. કદાચ હિંદુ ભાઇઓ આ વાંચી ટીકા કરે તો તેઓ પણ ઇતિહાસો તપાસશે તો જણાશે કે કૌરવ પાંડવો પીત્રાઇ ભાઇ હતા તેઓ વચ્ચે શું થયું તે પણ જગજાહેર છે. જગતનું બંધારણ એવું વિલક્ષણ છે કે ખુદા સિવાય તેને કોઇ પણ કળી શકતું નથી તેથી એ બાબતમાં ડહાપણ ડોળવું અથવા "છોટા મુહ ઓર બડી બડી બાતેં" એ કહેવત પ્રમાણે વર્તવું તે ઠીક ન કહેવાય. ઇમાનદાર કોણ હોવો જોઇએ તેના ઉપર બોલતાં જણાવીશ કે:—હશન બસરાનો રહીશ હતો બીલાલ હબશ હતો. સોહેબ રૂમનો રહેવાશી હતો, ત્યારે સલમાન અજમનો હતો, છતાં તેઓ રસુલીલ્લાહના ફરમાનને વળગી ઇમાનદાર બની રહેતાં હઝરત અલીના સાચા દોસ્ત ગણાયા અને હ૦ રસુલીલ્લાહનો કાકો અબુલહાબ ઇસલામ સાથે છેવટ સુધી દુશ્મની રાખી તેથી તે ઇમાનદાર બન્યો નહી. આટલું વાંચી મહોમદ ઈબ્રાહીમ પોતેજ ચુપ રહેશે તો તેને માટે ઉત્તમ છે.

## મૈં ભલા કે મેરા ભાઇ?

સાહેબો, વળી એક ત્રીજા ગૃહસ્થ નીકળ્યા છે, તેઓ વળી વધારે ડાહ્યા જણાય છે. તેઓ કોણ છે? મી૦ મહોમદ શફીક બજાુરૂદીન, તેવણે તા૦ ૬–૨–૧૯ ના ક્રોનીકલમાં આર્ટીકલ આપેલી

છે જેમાં સચ્ચાઇને ઢાંકી દેવાની કાશીષ કરેલી છે. પણ સચ્ચાઇને કદી કાઈ ઢાંકી શકતું નથી.

"મી૦ મહોમદ જણાવે છે કે, હવે આપણે આ પહાડી બુઢા શખ્સના પુરાવાપર આધાર રાખીશું. તે બાળક ખરેખર ઈજીપ્તના ખલીફનો પુત્ર અને ખીલાફતનો હક્કદાર ગાદીવારસ હતો, એ કબુલ રાખવું પડશે." પણ નહી કેરાની ગાદીપર આવેલો શખ્સ તે બાળક ન હતો."

તેના જવાબમાં આપણે કહીશું કે તે વખતે મોલાના શાહ મુસ્તન સીર બીલ્લાહ પછી શાહ નીઝાર થયા ત્યારે બીજા ભાઈ મુસ્તેઅલીએ પોતાના મામા અમીર ઝયુસ કે જે સિપહસાલાર હતો. તેની મદદ વડે બળવો કરી ગાદી પચાવી પાડી. આથી સિદ્ધ થાય છે કે ગાદી ઉપર ખરો હક્કદાર બેઠો નહી. તે તો આલમોત આવ્યો પણ મીસરની ગાદીએ મુસ્તેઅલી આવ્યો તેથી તેવણનું લખવું ખરૂં છે પણ ખરા દીલથી નહી લખતાં ટીકા કરેલ છે; અને આગળ લખતાં જણાવે છે કે હસન બીન સબ્બાહનો આ ખટપટમાં અંગત લાભ હતો તો ભાઇ જરા સમજાવશે કે તેવણનો શું અંગત લાભ હતો? તેવણે તો બધું મેળવ્યું હતું છતાં તેવણે મોલાના શાહ હાદીને તેડાવ્યા અને જાહેર કર્યા કે ઇસમાઇલી ઇમામ આ છે. જો તેવણને સ્વાર્થ હતે તો શા માટે માટે જાહેર કરતે? સઘળ સત્તા તો પોતે ચલાવી રહો હતો. આગળ ચાલતાં

સ્વાર્થની તપાસ કરવા જઇશું તો તવારીખો તો એમ કહે છે કે, હસને પોતાના માટે કાંઇ પણ કરેલ નથી. આટલી આટલી રિદ્ધિ સિદ્ધિ હોવા છતાં સઘળું ઇમામના શરણે મુકી હસન પોતાનું તથા પોતાના બચ્ચાનું ગુજરાન પોતાના બચ્ચાઓના હાથે સુતર કંતાવી ચલાવતો હતો (તારીખોના પોકારો.) છતાં કહેવા વગર નથી ચાલતું કે સંજોગો વચ્ચે એક બાહોશ રાજ્યદ્વારી તરીકે શત્રુઓ સામે કુનેહથી કામ લેતો હતો. તે કુનેહથી કામ લેવું એ કંઇ ગુન્હો નથી, ત્યારે લોકો શું એમ કહેવા માગે છે કે ભાંઓ દુશ્મનો સામે ઉભા હોય અને તેઓ કાપી નાખે તો આપણને કપાઇ જવું? સાહેબો સંજોગો વચ્ચે ડહાપણ અને કુનેહથી કામ લેવું એ કોઇ પણ રીતે ખોટું નથી, ત્યારે હસન બીન સબ્બાહ લોકોની નજરમાં કેમ ખટકે છે? એવણે તો સઘળું ઇમામને સોંપી દીધું હતું ત્યારે કેટલાક લેખકો એથી વિરૂદ્ધ ગયેલા છે તેનું કારણ ફકત મજહબી દુશ્મની અને પુરાવો રજુ કરવા માટેનો મીસ્રના ખરા સાહિત્યનો દુશ્મનના હાથમાં જવાથી નાશ થયો છે તેથી સાચી બીના ગુમ થવા પામી ત્યારે તે વખતમાં હસન બીન સબ્બાહ જે મોટા મોટા બાદશાહના દીલમાં ખટકતો હતો તે બાદશાહોએ દ્વેષ ભાવના લીધે મુનશીઓને લાલચો આપી ખોટા ખોટા પુસ્તકો લખાવેલા છે. છતાં સચ્ચાઇ છુપાઇ રહી નથી, એક અથવા બીજી રીતે તેઓને સીધી અથવા આડકતરી રીતે જાહેર કરવાની ફરજ પડી છે. મીર આખુન નામના રોજેતુલસફાના લેખકને હસનના સગા તરફથી લખાણ લખવાનું

કાર્ય સોંપવામાં આવ્યું હતું, જે લેખક અને શહાબ'ને ઇસ નાસરી મતના અનુયાયી હતા તે આપણી સચ્ચાઈ બહાર લાવી ખરૂં લખે તે બનેજ કેમ? તે જણાવે છે.

## હુસન બીન સબ્બાહના કિલ્લાનું વર્ણન.

"આલમોતના લોકોને ભેગા કરી કહ્યું કે તમોને મીસરના હાકમની દાવત કરવી જોઇએ, હુસેન કાંઇની જે દાવત કરનારામાંનો એક હતો તેણે પણ ઉપલી દાવત માટે આલમોતના લોકોપર ઘણો ભાર મુકયો, અને આલમોતના રહેનારાઓએ કેટલાકોએ તેવણના હાથપર બૈયત કરી તે દિવસોમાં અલીની વંશમાંથી મહેદી નામના એક આસામી (ગોટા વાળતાં આગળ લખે છે) ને જાહેર કર્યું."

આ ઉપલી વીગત શું કહે છે?

ત્યારે આજકાલના ઉભરી નીકળેલા લેખકો તે વખતના ઇસમાઇલીઓને પોતાના મનથી બીલકુલ જાહેલ જાનવર જેવા ગણે છે કે જેઓએ આખું પ્રગણું વગર હથીયાર અને વગર માણસોએ હાથ કર્યું હતું. ત્યારે અફસોસ છે આવા ઉદ્ધતાઇ ભરેલા લેખકો માટે કે જેઓ આવું વિચિત્ર લખતાં શરમાયા નથી. એવા લેખકોએ આપણા મુદાઓ મારવાને માટે ઘણી કોશીશો કરી છે, છતાં ઇમામોની વીગતો હજી પણ ઢંકાઇ શકાતી નથી તેના માટે વિદ્વાન લેખકોને મળેલી વીગતો વાંચી જુવો. જોન માલકમ નામના યુરોપી

મન હીસ્ટરી ઓફ પરશીઆના લેખક પોતાના પુસ્તકમાં હસનબીન સબ્બાહના બારામાં જણાવે છે.

## જોન માલકમ હીસ્ટરી ઓફ પરશીઆ.

“તેણે ઇસમાઇલી ફીરકાના સિદ્ધાંતો જારી રાખ્યા. અને તે ફક્ત બના ઇમામતના દાવાનો હક માન્ય રખાવ્યો. પણ તેણે ધર્મીષ્ઠ મુસલમાનો કરતાં સુફીઓના મતને માફક આવે એવા નવા નવા વિચારો દાખલ કર્યા.

તેણે કોરાનને પવિત્ર પુસ્તક તરીકે માન્ય રાખ્યું પણ તેના શબ્દાર્થ કરતા આત્મિક બાબતોપર ધ્યાન આપવું જરૂરી છે એમ જણાવતો.”

આવું શિક્ષણ હસનબીન સબ્બાહનું હતું. આ શું અમાન્ય છે? સાર ન ગ્રહણ કરવો એ શું દાનાઇ છે? વળી આગળ ચાલતાં બીજી તવારીખમાં જણાવે છે કે:—

## જન્નતુલ તવારીખ.

“કીયા બુઝુર્ગ ઉમેદ રૂદબારમાં મરણ પામ્યો અને તેનો પુત્ર મહમદ ગાદીએ આવ્યો, એણે ત્રણ વર્ષ હકુમત કર્યો બાદ રાજ્ય સત્તા ઇસમાઇલના વંશના શાહજાદાને સોંપી કે જે સીરીયાથી રૂદબારમાં આવ્યો હતો.

પણ મહમદે માત્ર સત્તા સોંપીને પોતે તે પછી તે શાહજાદાનો વજીર થઇ રહ્યો, જેણે ધાર્મિક માન્યતાના કારણે શાહજાદાને રાજ્ય-પદ આપ્યું.”

આ વીગતો શું બતાવે છે? રાજ્ય છોડી બીજાને સોંપી દેવું એ કાંઇ સાધારણ બાબત ગણાય? નહી! ત્યારે તેણે રાજ્ય કેમ સોંપ્યું? હા, તે સમજતો હતો કે રાજ્યના ખરા માલીક તો ઇમામ છે, અને પોતે તો તેનો ફરમાન બરદાર અને ખીદમત કરનાર નોકર હતો.

તેથી તે પોતાની ફરજના અંગે વઝીરપદપર રહ્યો. આ બીના ઉપરથી એક સાધારણ માણસ પણ વિચાર કરે તો બધું ખુલ્લી રીતે જણાઇ આવે કે ખરું તે ખરૂં છે પણ તાસુબી રાખનાર માણસ હંમેશા વીરોધ બકયા કરે છે એવા આવેશમાં આવી જઇ લેખકો આડે રસ્તે દોરવાઇ જાય છે તેનું કારણ ઉતાવળ છે. અગર જો જરા શાંતિથી વિચાર કરતે તો જણાઇ આવતે કે હસનબીન સબ્બાહ જે કાંઇ કરતો હતો તે વાજબીજ કરતો હતો. વળી આગળ ચાલતાં મી૦ બજનુરદી જણાવે છે કેઃ—

" આગા હસનઅલી હાલના આગાખાનના બરપાવા આજ બાળકના વંશમાંથી ઉતરી આવેલ હતા કે જેણે ઇરાનમાં ફેરમાન પાસે ફતેહઅલીશાહ કાજરના રાજ્યઅમલમાં બળવો જગાડયો જેથી તેને ફેરમાન છોડી સીંધ આવવું પડયું, જ્યાં ઇસ્ટ ઇન્ડીઆ કંપનીને તે પ્રાંત જીતવામાં મદદ કરી જેના બદલમાં કંપનીએ તેને પેન્શન બાંધી આપ્યું. જે હજી તેના કુટુંબને મળે છે."

અહીં આપણે દલીલ કરીશું કે જ્યાં દુશ્મનોનું જોર હોય ત્યાંના ઝગડાઓથી દૂર રહેવું એનો ખોટો અર્થ ભાગી જવું

કરવો એ કયા પ્રકારની બિદ્વતા છે. જો એમ કહેનાર ખરું કહે છે તો દલીલ કરો કે હ. રસુલીલ્લાહ મક્કાથી મદીને શા માટે ભાગી ગયાં ? નહીં ! હું એમ કહીશ કે હઝરત રસુલીલ્લાહ ( સ૦ ) ભાગી નીકળ્યાં ન હતા. પણ તેવણ કજીયાનું મ્હોડું કાળું કરી ધર્મનો શાંતિથી ફેલાવો કરવાને મદીને ગયા હતા. તેવીજ રીતે હસનઅલી શાહે ઇરાન મુકયું તો તેમાં શું ખોટું કર્યું ? તેવણ તવારીખ વાંચતાં ભુલી ગયાં છે, કારણ કે અગર હસનઅલીશાહ બળવાખોર હતે તો શું આપણી બાહોશ, ન્યાયી બ્રિટીશ સરકાર કે જેને મદદ આપી તે શું સમજતી નહતી કે એ બળવાખોર માણસ છે માટે તેને હિંદમાં આવવા દેવું ન જોઇએ. જ્યાં સુધી એક બાહોશ રાજ્યકર્તા પૂરેપૂરી તપાસ ન કરે ત્યાં સુધી પોતાના દેશમાં એક બળવાખોરને કદી દાખલ થવા આપેજ નહી. આથી સિદ્ધ થાય છે કે દુશ્મનો દ્વેષ ભાવથીજ જુઠું લખી મારેલ છે. સબબ, જુઓ ! આજે હિંદમાં તે નામદારની ત્રણ પહેડીઓ થઇ છે, અને દુનીયા જાણી ચુકી છે કે તેઓ રાજ્ય પ્રત્યે કેવા અચુક વફાદાર છે, તેઓના કાર્યોથી તમામ આલમને રોશન છે, અને આજના બનાવોથી લંડનની તમામ પ્રજા એકી અવાજે કબુલ કરી રહી છે કે ના૦ આગાખાન હંમેશા સુલેહ શાંતિ ઇચ્છે છે. આવા આપણા મહાન ઇમામ વિરૂદ્ધ ખોટી અફવા ફેલાવે તે શું આપણે સાંખી શકીશું ? ( નો ને વર-નેવર ).

આવા આવા ખોટા આક્ષેપો આપણા ઉપર મુકવામાં આવે અને આપણે ચુપકીદી પકડી બેઠા રહીએ તો " Silence is

acceptance" "ખુશકીથી એ ભુલ કરવા બરાબર છે." એ હીસાબે આપણે સત્યને ઝળકાટ લાવ્યા વગર કહીબી રહેશું નહી. આપણે તે લોકોની નિંદા અથવા બદગોઇ કરવાનું કદી પણ પસંદ કરતા નથી. પણ જ્યારે એ લોકોજ દ્વેષ બુધ્ધિથીજ પહેલ કરી જુઠું બોલી હલકા વીચારો રજુ કરે છે ત્યારેજ સત્ય શું છે તે જણાવવાની આપણને ફરજ્યાત જરૂર પડે છે. જ્યાંથી બ્રિટીશ રાજ્યમાં આપણે નીડર બીજ તેથી આપણા પવિત્ર ઇમામો અને આપણા પાક મઝહબ વિરૂધ્ધ બોલનારાઓ સામે હીંમતથી બહાર પડવાને કદી પણ પછાત પડશું નહી ધર્મના માટે આપણી જાન પણ કુરબાન છે! કારણ પુરાતન તવારીખો તપાસીશું તો સમજાશે કે ધર્મને માટે આખી આખી કોમોના બલીદાનો અપાઇ ચુક્યા છે ત્યારે આપણા મુરશીદ ઉપર હડહડતા આરોપ મુકવામાં આવે અને આપણે ચુપ બેસીને સાંભળતા રહીએ? નહીં! કદી નહી! આગળ બોલતાં અફસોસ થાય છે આવા લેખકો ઉપર કે જેઓ દ્વેષ ભાવથી સમજ્યા વગર, જાણ્યા વગર અને ઓળખ્યા વગર આંખ મીંચીને જે જબાન ચલાવી રહ્યા છે તેઓને કહીશ કે જરા આંખ ઉઘાડી જુએ તો ખુલ્લી રીતે જણાશે કે જેની આખી દુનિયા તારીફ કરી રહી છે, જે સુધારાના ચાહક છે, જે એકલા મુસલમાનો માટેજ નહીં પણ સમસ્ત હિંદ ભુમિના [illegible] અને [illegible] માટે પોતાનો દરેક રીતનો ભોગ આપી રહ્યા છે, એવા એક સુધારાના પીતા અને મુસલમાનોના ખરા હિતેચ્છુ, [illegible]

ધાર્મિક અને રાજ્યદ્વારી કાર્યમાં ઉચ્ચ શીક્ષણની કુશળતા ધરાવનાર સામે ફેલાવી મુકી રહ્યા છે. તેવા લેખકો અને વક્તાઓ આવા કેળવાયેલા અને સમજ ધરાવનારા જમાનામાં પોતાનોજ હાથે પોતાનો લોક કરાવી રહ્યા છે. છેવટે સર્વે પધારેલા બીરાદરોને વિનંતી કરતાં જણાવીશ કે સમ્યાજને બહાર લાવવા કદી પણ કોતાઈ કરશો નહીં. સાથે યાદ રાખવાનું છે કે શાંતિ અને સંપીથીજ નિડરપણે કાર્ય કરવું એમાંજ ખરી મહત્વ છે. એટલું બોલી ભુલચુકની ક્ષમા યાચી બેસી જવાની રજા લઉં છું.

મજકુર ભાષણ પછી બોજ કોમના જાણીતા લેખકો અને વક્તાઓ જેવી મી૦ હબીબ્રાહીમ જુરાબ વરતેજ, મી૦ મુક્તારભાઈ નાનજી સત્યાની, મી૦ એમ. જે. મર્ચંટ, મી૦ એ. આઈ. મોદી, મી૦ અલીમામદ વલી નાઝર વિગેરે સાહેબોએ મજકુર વિષય ઉપર ઘણાજ જોરદાર શબ્દોમાં વિવેચન કર્યું હતું, અને મજકુર વિરોધીઓના લખાણથી આપણી ધાર્મિક લાગણી દુઃખાણી છે એવી મજકુર કલબના સેક્રેટરીએ નોંધ લીધી હતી. બાદ પ્રમુખનો ઉપકાર માની રીફ્રેશમેન્ટ લઈ સભા વિસર્જન થઈ હતી

## સમાપ્ત.

☞ આ પુસ્તક મુંબઈ નં ૯૩, ચીંચપોકલી પરેલ રોડપર લેડી નોર્થકોટ હિંદુ ઓર્ફનેજ કે. એન. સેલર. પ્રેસમાં મી૦ ઘોડીયા નારાયણ વનારસેએ છાપ્યું છે અને મી૦ એ જે. લખપતીએ "બી યંગ ઇસ્માઇલી વિદ્યાવિનોદ કલબ" માટે. કે.—ભીમડીવાળા બીલ્ડીંગ, સેન્ડહર્સ્ટ રોડ,—મુંબઈ. નં. ૯ માંથી પ્રસિદ્ધ કર્યું છે.

# કોમના દિલસોઝ ગૃહસ્થોએ આ પેમ્ફલેટની આપેલી ભેટોનું લીસ્ટ.

પ્રત ૬,૦૦૦

૨૫૦૦) એમ. ગુલામહુસેન અલીદીના જંગબારવાલા

૧૦૦૦) મુખી લાલજીભાઈ દેવરાજ.

૧૦૦૦) શેઠ માહુમદભાઈ નાશર ડોસા જંગબારવાળા.

૧૦૦૦) શેઠ અલારખીયાભાઈ ખાનમાહમદ.

૫૦૦) શેઠ કાજલભાઈ અલારખીઆ પદમશી.

કુલે...૬૦૦૦